DATE :- 12-01-2026

DIVYA BHASKAR, PAGE-18, SURAT

### કલર કોડથી પેસેન્જર સરળાતથી રૂટ ઓળખી શકશે

# મેટ્રોની નવી ઓળખ 'કલર કોડ' ચાર રૂટને અલગ રંગ અપાયા

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની મેટ્રો કનેક્ટિવિટી હવે વધુ વિસ્તૃત અને વ્યવસ્થિત બની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના રૂટનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે જ મેટ્રો નેટવર્ક મોટું થતા, દિલ્હી અને અન્ય મેટ્રો શહેરોની તર્જ પર હવે અમદાવાદ મેટ્રોમાં પણ અલગ-અલગ રૂટને બ્લ્યુ, રેડ, યલો અને વાયોલેટ જેવા વિશિષ્ટ કલર કોડ અને નામ અપા છે.

હવે અમદાવાદ મેટ્રો માત્ર બે લાઈન સુધી મર્યાદિત ન રહેતા, ચાર અલગ લાઈનોમાં વહેંચાઈ ગઈ છે. આ ચારેય લાઈનને અલગ અલગ કલર કોડ આપવાથી મુસાફરો માટે સ્ટેશન અને રૂટની ઓળખ સરળ બનશે. આ નવા ફેરફારથી હવે મુસાફરો દિલ્હી મેટ્રોની માફક જ 'બ્લ્યુ, રેડ, યલો કે વાયોલેટ' લાઈન કહીને પોતાની મુસાફરી સરળતાથી પ્લાન કરી શકશે. વડાપ્રધાને જે રૂટનું લોકાર્પણ કર્યું છે તે હવે 'યલો લાઈન' તરીકે ઓળખાશે.

### 4 કલરથી મેટ્રો ઓળખાશે

- **બ્લ્યુ લાઈન :** વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ સુધીનો ઈસ્ટ વેસ્ટ કોરિડોર.
- **રેડ લાઈન :** એપીએમસી (વાસણા)થી મોટેરા સ્ટેડિયમ સુધીનો નોર્થ સાઉથ કોરિડોર.
- **યલો લાઈન :** મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર (ગાંધીનગર) સુધીનો નવો રૂટ.
- **વાયોલેટ લાઈન :** જીએનએલયુથી ગિફ્ટ સિટી ને જોડતો રૂટ.